બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનું નિગમમાં રૂપાંતર કરવા બાબતે વર્ષ.૨૦૧૨-૧૩ ની રૂા.૧.૨૫/ કરોડની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવઃ-અપબ/૧૩૧૧/બોર્ડનું નિગમમાં રૂપાંતર/જ
સચિવાલય,ગાંધીનગર
11 MAY 2012

વંચાણે લીધા :-

(૧) બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડના તાઃ-૧૩/૧૨/૧૧ના પત્રક્રમાંકઃ- બે.ચા.સ્વા.અ.પ.વિ.બોર્ડ/૧૧/૨૦૭૨-૭૩

આ મુ ખ :-

બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડની તા.૨૬/૧/૨૦૦૧ ના ઠરાવથી રચના કરવામાં આવેલ છે. આ બોર્ડ માત્ર સલાહકાર બોર્ડ હોવાથી રાષ્ટ્રીય નિગમ પાસેથી કોઈ ફંડ મેળવી પોતાની યોજનાઓ હાથ ધરી શકતું નથી તેથી અનુસુચિત જાતિઓ પૈકી અતિ પછાત જાતિઓના ઉત્કર્ષ માટે ઉણપ રહેવા પામે છે. જો આ બોર્ડને નિગમમાં રૂપાંતરીત કરવામાં આવે તો ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમની પેટર્ન પ્રમાણે કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના ફંડમાંથી બેંકેબલ લોન ધિરાણ સાથે સબસીડી/સીધાધિરાણ લોન યોજના તથા માનવ ગરીમા યોજના હેઠળ લાભ આપી શકાય તેમ છે.આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે. જેને ધ્યાને લેતાં બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ ધ્વારા ઉકત વંચાણે લીધા ક્રમાંક (૧) ના પત્રથી બોર્ડનું નિગમમાં રૂપાંતર કરવા માટે રૂા. ૧.૦૦/કરોડ શેરમુડી તરીકે તથા રૂા.૨૫.૦૦/- લાખ વહીવટી કામગીરી માટે બોર્ડ ધ્વારા વર્ષ.૨૦૧૨-૧૩ માં કુલ રૂા.૧.૨૫/- કરોડની નવી બાબત રજુ કરવામાં આવેલ હતી.જે મુજબ બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનું નિગમમાં રૂપાંતર કરવા માટે વર્ષ.૨૦૧૨-૧૩માં કુલ રૂા.૧.૨૫/-કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાને અંતે બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડનુ નિગમમાં રૂપાંતર કરવા બાબતે વર્ષ.૨૦૧૨-૧૩માં રૂા.૧.૦૦/- કરોડ શેરમુડી માટે,રૂા.૨૫.૦૦/-લાખ વહીવટી કામગીરી માટે એમ કુલ.રૂા.૧.૨૫/- કરોડની થયેલ બજેટ જોગવાઈની વહીવટી મંજુરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) બોર્ડનું નિગમમાં રૂપાંતર કરવા માટે થયેલ બજેટ જોગવાઈનો ખર્ચ બોર્ડનું નિગમમાં રૂપાંતર થયા બાદ જ કરવાનો રહેશે.

બેચર સ્વામી અતિ પછાત

(૨) બોર્ડનું નિગમમાં રૂપાંતર કરવા અંગેનો સરકારશ્રી દ્વારા નિર્ણય થયા બાદ જ આ અંગેનો ખર્ચ કરવા માટેની દરખાસ્ત કરવાની રહેશે અને બજેટ જોગવાઈની ફાળવણી કરતા પહેલાં નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ કરવા માટે ખર્ચ કરતાં પહેલાં નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ મુખ્ય સદર–૨૨૨૫– અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ,પેટા મુખ્ય સદર–૦૧– અનુસુચિત જાતિઓનું કલ્યાણ,ગૌણ સદર–૧૯૦–જાહેરક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર–૦૩ બીસીકે–૪૧– અનુસુચિત જાતિ પેટા યોજના બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ નીચે ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૦/૪/૧૨ નોંધમળ્યેથી મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**( પી.એલ.ઝાલા)**
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
**સચિવશ્રી,**
બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ,
૪/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

**નકલ રવાના :–**

- મા.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગથાધીનગર
- મા.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,(સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ગુજરાત,રાજય,ગાંધીનગર
- મેનેજીગ ડીરેકટરશ્રી,,ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર
- મેનેજીગ ડીરેકટરશ્રી,ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,બ,ગ અને હ શાખાઓ,
- સિલેકટ ફાઈલ.

RAJ45-4-5